17/6/2009

છઠ્ઠા પગાર પંચ અન્વયે નિવૃત કર્મચારીઓની પગાર બાંધણીની ચકાસણી અને પેન્શન બાંધણી/સુધારણા- આગોતરા (Advance) પેન્શન પેપર નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી તથા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીને મોકલી આપવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ

પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૦૯- ૩૦ -પગાર એકમ(પી)

સચિવાલય, ગાંધીનગર

તા.૨-૧-૨૦૧૦

## <u>પરિપત્ર</u>

છઠ્ઠા પગાર પંચના અમલ સંદર્ભે સુધારેલ પગાર માળખામાં પગાર બાંધણીની ચકાસણી અને પેન્શન બાંધણી/સુધારણા માટે નિવૃત કર્મચારીની સેવાને લગતી માહિતી જરૂરી છે અને તે માટે કર્મચારીની અસલ સેવાપોથીને આધારે તા.૦૧-૦૧-૧૯૯૬ થી તા.૦૧-૦૧-૨૦૦૬ સુધીના પગારની ચકાસણી થાય તે જરૂરી હોઈ નાણા વિભાગના તા.૧૮-૭-૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૦૯-૨૩-પગાર એકમ(પી)થી જેમની પેન્શન બાંધણી થયેલ નથી તેવા નિવૃત કર્મચારીઓ તથા તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં નિવૃત થનાર તમામ કર્મચારીઓના પેન્શન કેસ જુના (સુધાર્યા પૂર્વેના) અને નવા (સુધારણા બાદના) પગારની સરેરાશ સાથે અસલ સેવાપોથી સહિત નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરીને મોકલી આપવાની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ હતી.

આ બાબતમાં એવું ધ્યાને આવેલ છે કે હજી કેટલીક કચેરીઓ દ્વારા નાણા વિભાગના તા.૧૮-૭-૨૦૦૯ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચના મુજબ, નિવૃત થયેલ અને તા.૩૧-૧૨-૨૦૦૯ સુધી નિવૃત થનાર કર્મચારી/અધિકારીઓના પેન્શન પેપર તાત્કાલિક તૈયારી કરી મોકલી આપવામાં આવેલ નથી. જેના કારણે નિવૃત થયેલ કે નિવૃત થનાર કર્મચારીઓની પગાર બાંધણીની ચકાસણી તથા સુધારેલ પગાર મુજબ પેન્શન સુધારણા થઈ શકતી નથી. આથી સર્વે વિભાગો/ખાતાના વડા/કચેરીના વડાઓને આથી સૂચના આપવામાં આવે છે કે જેમની પેન્શન બાંધણી થયેલ નથી તેવા નિવૃત કર્મચારીઓ તથા અગાઉ નિયત થયેલ તારીખ તા.૩૧-૧૨-૨૦૦૯ને બદલે હવે <u>તા.૩૦-૦૬-૨૦૧૦ સુધીમાં નિવૃત</u> થનાર તમામ કર્મચારી/અધિકારીઓના પેન્શન કેસ <u>તા.૧૮-૭-૨૦૦૯ના</u> પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ સૂચના અનુસાર કર્મચારીની સુધારેલા પગાર માળખામાં ઓન લાઈન પગાર બાંધણી કરી પગાર બાંધણી હુકમની નકલ અને જુના(સુધાર્યા પૂર્વેના) તથા નવા (સુધારણા બાદના) પગારની સરેરાશ સાથે અસલ

પાછળ...

સેવાપોથી સહિત સંબંધિત પેન્શન મંજુર કરનાર કચેરી (નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી તથા સંબંધિત જિલ્લાના સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી)ને આ પરિપત્રની રવાનગીથી દિન-૧૫માં અચૂક મોકલી આપવાના રહેશે.

આ પરિપત્રની સૂચનાઓનું ચૂસ્તપણે અને ગંભીરતાથી પાલન થાય તે જોવા સર્વે વહીવટી વિભાગો/કચેરીઓને વિનંતી કરવામાં આવે છે. અન્યથા આ બાબતમાં થનાર વિલંબની જવાબદારી જે તે વિભાગ/કચેરીની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પી. બી.દરજી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
- સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
- સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
- સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
- સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
- નિરીક્ષકશ્રી.સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
- સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- સર્વે માન્ય કર્મચારી મંડળો.
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
- આઈટી કોર્ડીનેટર-નાણા વિભાગ.....

ઉપરોક્ત પરિપત્રની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવાની વિનંતી સારું.

પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ. ચ, પેન્શન અને ઝ શાખા

* પત્ર દ્વારા